**અમદાવાદ વિદ્યુત વિભાગ ૧ માં વિજળીકરણના કામો ના વાર્ષિકભાવો આપવા માટેનાં ભાવપત્રકની શરતો.**

(૧) આ ટેન્ડર ભવિષ્યમાં તાત્કાલીક કામગીરી કરવાની જરૂર પડે ત્યારે કામ કરાવવા માટે બનાવેલ છે. જયારે કામની જરૂરીયાત ઉભી થશે ત્યારે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા તાકીદે મંજુરી આપ્યા પછી બહાલી માટે દરખાસ્ત વિભાગીય કચેરીને રજુ કરી વિભાગીય કચેરીની મંજુરી મેળવી કામ કરાવવામાં આવશે.

(૨) રીપેરીંગ કામો તાત્કાલીક ધોરણે કરવાના રહેશે.

(૩) બાનાની રકમ તરીકે કાર્યપાલક ઈજનેરશ્રી અમદાવાદ વિદ્યુત વિભાગ ૧ , અમદાવાદ નામનો રાષ્ટ્રીયકૃત કે શીડયુલ બેંકની એફ.ડી.આર.ઓછામાં ઓછી ૧૬૫ દિવસની મુદત (from the last date of online submission of tender) તથા ભાવપત્રક સાથે સ્કેનીંગ કરવાનો રહેશે. તે સિવાય ભાવપત્રક રદબાતલ કરવાનો રહેશે. બાના ની રકમ ફક્ત એફડીઆર સ્વરૂપે જ માન્ય ગણાશે

(૪) સરકારશ્રીનાં વખતોવખતના નિયમો ઠેકેદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૫) કોઈપણ એક કે બધા ટેન્ડર્સ કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય નામંજુર કરવાનાં સક્ષમ કક્ષાએ હક્ક અબાધિત રાખવામાં આવે છે.

(૬) કોઈપણ શરતી ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.

(૭) જી.એસ.ટી. અલગથી ચુકવવામાં આવશે. ટેન્ડરમાં આપેલ ભાવ જીએસટી વગરના હોય થયેલ કામગીરી મુજબ જીએસટી અલગથી સરકારશ્રીના વખતોવખત ના નિયમો અનુસાર ચૂકવવામાં આવશે વળી લાગુ પડતા (GST સિવાય) સરકારી તમામ વેરા સહિતના ભાવો ધ્યાને રાખી ટેન્ડરમાં ભાવ ભરવાના રહેશે. અલગથી ટેક્સ સર્વિસ ચાર્જ તથા લાગુ પડતા અન્ય વેરા ચૂકવવામાં આવશે નહીં.

(૮) આ કામગીરી દરમ્યાન સરકારી/ખાનગી ઇમારત કે ઈલેકટ્રીકલ માલસામાન કે કોઇ તોડફોડ નુકશાન કે આકસ્મીક આગ (જેવી કે શોર્ટ સર્કિટ) કુદરતી આફત અકસ્માતથી કોઈપણ નુકશાન થાય તો તે અંગેની સઘળી જવાબદારી કામ રાખનાર ઠેકેદારશ્રીની રહેશે અને આ અંગે વીમો વિગેરે ઉતારવાનો થતો હોય તો તે ઠેકેદાર પોતાનાં ખર્ચે લેવાનો રહેશે. આ કામ માટે કામ આપનાર ખાતાની જવાબદારી રહેશે નહીં.

(૯) આ કામગીરી માટે ઈજારદારે લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એકટ-૧૯૭૦ તથા તે હેઠળ-૧૯૭૨ નાં ગુજરાત નિયમોની જોગાવાઈઓ તથા કામદાર વળતર અધિનિયમ -૧૯૨૩ તથા તે હેઠળના નિયમોની જોગવાઈઓ અનુસાર ઠેકેદારે રોકેલ મજુરોનાં કાયદેસરના હિતોની રક્ષા કરવાની તેમજ પ્રસ્તુત કાયદા અને નિયમો હેઠળ રોકાયેલ સુવિધા/સગવડો ઉપલબ્ધ કરવાનો પ્રાથમિક અને વૈધાનિકજવાબદારી મજુરી કામે રાખનાર જે તે ઈજારદારશ્રીની રહેશે. અને આ કામગીરી દરમ્યાન કામદારોનેથતાં અકસ્માતથી શારીરીક ઈજા થાય તો તે અંગેની સઘળી જવાબદારી વળતર સહિતની ઈજારદારશ્રીની રહેશે.

(૧૦) ટેન્ડર ભરનાર એજન્સી / ઠેકેદારશ્રી દ્વારા ખોટી માહિતી આપવાનું કે ખોટા પ્રમાણપત્ર, દસ્તાવેજ રજુ કર્યાનું ધ્યાને આવશે તો તે ઈજારદાર માટે ગેરલાયક ઠરશે અને તેની બાનાની રકમ જપ્ત કરવામાં આવશે અને તેની સામે નિયમોનુસાર દંડાત્મક / કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

(૧૧) મંજુર થયેલ ભાવોની સમયમર્યાદા ૧૨ (બાર મહિના) રહેશે અને જરૂર પડયે સક્ષમ કક્ષાએથી તેને મંજૂરી અર્થે લંબાવવામાં આવશે.

(૧૨) સરકારશ્રીના નિયમોનુસાર ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી બીલનું ચુકવાણું કરવામાં આવશે. જે બાબતે ઈજારદારશ્રી ની કોઇ ફરીયાદ ધ્યાને લેવામાં આવશે નહી.

(૧૩) સદર ટેન્ડરમાં એજન્સીઓએ ભરેલા ભાવ પૈકી જે એજન્સીના ભાવ સૌથી નીચા એટલે કે L1 તરીકે આવશે તે ભાવે કામ કરવા બાકીની તમામ એજન્સીએ સહમતી આપવાની રહેશે. જે ત્યારબાદ સહમતી મળેલ એજન્સીઓની વાર્ષિક ભાવની પેનલમાં સમાવેશ કરવામાં આવશે. જે એજન્સી L1 તરિકે આવેલ એજન્સીના ભાવે કામકરવાની સહમતી દર્શાવશે નહી તેનો વાર્ષિક ભાવની પેનલમાં સમાવેશ કરવામાં આવશે નહીં. તેમજ L1 ના ભાવે કામકરવા સહમતી દર્શાવેલ તમામ એજન્સીએ અત્રેની કચેરી ખાતે જામીનગીરી તરિકે રૂ.૧,૦૦,૦૦૦/- ની એફ.ડી.આર અત્રેની કચેરીએ જમા કરાવવાના રહેશે.

(૧૪) વાર્ષિક ભાવની પેનલમાં સમાવેશ થયેલ એજન્સી પૈકી કોઈપણ એજન્સી પાસેથી સબંધિત ના.કા.ઇ દ્રારા જરૂર પડયે કામગીરી કરવવામાં આવશે. જે માટે વાર્ષિક ભાવની પેનલ પૈકીની બાકીની એજન્સી કામગીરી નહી મળવા બાબતે કોઈ દાવા રજૂ કરી શકશે નહી.

**(૧૫)** સદર ટેન્ડરમાં, ઠેકેદારશ્રીએ તમામ આઇટમોના ભાવોનો જરૂરી અભ્યાસ કરી ટેન્ડરના ભાવો ભરવાના રહેશે. ઠેકેદારશ્રી એ ભરેલા ભાવ અસામાન્ય જણાશે ત્યારે ઠેકેદાર દ્વારા ટેન્ડરના ભાવોનું પૃથ્થકરણ માંગવામાં આવશે જે વ્યાજબી નહી જણાય તો તે ઠેકેદારશ્રીનું ટેન્ડર રદ કરી વાર્ષિક ભાવની યાદી તૈયાર કરવામાં આવશે. તેમજ આગળ ઠેકેદારશ્રીને અસમાન્ય ભાવો રજૂ કરવા બદલ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

**(૧૬)** એજન્સીએ જે તે ઇન્ચાર્જ સેક્શન ઓફિસરના સંપર્કમાં રહી સેકશન ઓફિસરની ટેલીફોનીક મેસેજ/ ઇ-મેઈલ/ વોટ્સઅપ્પ્સ / પત્રથી સૂચના મળ્યે જે તે કામગીરી તાત્કાલીક શરૂ કરી પૂર્ણ કરવાની રહેશે આ માટે એજન્સીએ કરારખત સમયે ટેલીફોનીક / મોબાઈલ/ વોટ્સઅપ્પ્સ નંબર જે ૨૪ કલાક ચાલુ સ્થિતિમાં હોય તે આપવાનો રહેશે જો તે આમ કરવામાં નિષ્ફળ જશે તો કરારખતના નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આ માટે એજન્સીને કોઈ પ્રી-નોટિસ આપવામાં આવશે નહી તેમજ આ બાબતે સમયસર કામ ન પૂરું થયાની દલીલો સ્વીકારવામાં આવશે નહી.

**(૧૭)** વાર્ષિક ભાવની પેનલ માં મંજુર થયેલ એજન્સીઓ માંથી જ્યારે કોઇ એજન્સી ની કામગીરી ની ઝડપઅપેક્ષીત નહી હોય ત્યારે જે તે સંબધીત અધીકારી ની કામગીરી પુર્ણ કરવાને લગત પાઠવેલ મહતમ બે નોટીસ( કોઈપણ માધ્યમ દ્વારા) ને આધારે સીધુજ તે એજન્સી ની સીક્યોરીટી ડીપોઝીટ ઝપ્ત કરી તેને વાર્ષિક ભાવની પેનલ ની યાદી માથી બહાર મુકવામાં આવશે. તેમજ તેવા સંજોગો માં જરૂરીયાત પ્રમાણે નું બાકી રહેલુ પુરૂ કામ અન્ય કોઇ એજન્સી પાસેથી કરાવવામાં આવશે આ બાબતે ઇજારદાર કોઇ પણ પ્રકાર નો વાંધો લઇ શકશે નહી.

**(૧૮)** સરકારશ્રી દ્વારા વખતોવખત પ્રર્વતમાન SOR માં કરવામાં આવતા ભાવોના સુધારાને મંજુર થયેલ ટેન્ડરના ભાવોનાં સમપ્રમાણ માં વધારા-ઘટાડા કરવામાં આવશે તેમજ ટેન્ડરમાં સમાવિષ્ટ થયા સિવાયની SOR ની આઇટમોની પણ જરૂર પડયે મંજૂર થયેલ ઓવરઓલ ટેન્ડરના ભાવે કામગીરી કરાવી શકશે.

**(૧૯)** ઈજારદારશ્રીએ કરેલ કામગીરી દરમ્યાન નીકળેલ ડીસમેન્ટલ મટેરિયલ ઠેકેદારશ્રીએ રાખવાનો રહેશે. ડીસમેન્ટલ મટેરિયલના પણ ભાવ ભરવાના રહેશે અને ઠેકેદારશ્રીએ ભરેલા ભાવ પૈકી જે ઠેકેદારશ્રીના ભાવ સૌથી ઊંચા એટલે કે H1 તરીકે આવશે તે ભાવો , ડીસમેન્ટલ મટેરીયલ માટે , તમામ ઠેકેદારશ્રીઓએ સહમતી આપવાની રહેશે નિર્ધારિત કરેલ રકમ ચુકવવાપાત્ર થતી બીલની રકમમાંથી વસુલ કરવામાં આવશે. ત્યારબાદ સહમતી મળેલ ઠેકેદારશ્રીઓની વાર્ષિક ભાવની પેનલમાં સમાવેશ કરવામાં આવશે.
**(૨૦)** મરામતની કામગીરી માટે ટેન્ડરમાં સમાવિષ્ટ આઈટેમોનો ભાવ હયાત જૂનું વાયરીંગ, સ્વીચગીયર્સ, કેબલ્સ, ફીટીંગ્સ, ફેન, એસેસરીઝ તથા વિદ્યુતની આઇટમો વગેરે દુર કરીને નવી આઈટેમો લગાવવાનો ભાવ ગણવાનો રહેશે તથા જૂના મલસામાનની સરકારશ્રીના ઠરાવ મુજબ ડીસમેન્ટલ રેટ નક્કી કરવામાં આવશે જેની ઉપર વાર્ષિક પેનલમાં સમાવેશ કરવામાં આવેલ ડીસમેન્ટલ મટેરિયલના સૌથી વધુ ભરેલ ભાવ એટલે કે H1 ભાવ ઉમેરી બિલ માંથી કપાત કરવામાં આવશે. આથી ડીસમેન્ટલના ભાવ **ANNEXURE – A** માં ભરીને ફરજીયાત ડોક્યુમેન્ટ સાથે અપલોડ કરવાનું રહેશે.
**(૨૧)** ટેન્ડરમાં ભાવ ભરવામાં ભાગ લેનાર બધી એજન્સીઓ તરફથી રજુ કરેલ બાનાની રકમ એક વર્ષ પૂર્ણ થયેથી જે સમય સુધી ભાવોની મંજૂરી લંબાવવામાં આવે ત્યાં સુધી જમાં રાખવામાં આવશે.

**(૨૨)** આ ટેન્ડરનાં મંજુર થયેલ ભાવો પ્રમાણે આ વિભાગનાં કાર્યક્ષેત્રનાં તમામ સ્થળોએ કામગીરી કરવાની રહેશે.

**(૨૩)** ઉપરોક્ત ભાવ પત્રકો ની શરતો ઉપરાંત વાર્ષિક ભાવની પેનલમાં સમાવિષ્ટ ઠેકેદાર શ્રી એ આ સાથે સામેલ SBD મુજબ જે તે પેટા વિભાગ / વિભાગ સાથે પ્રત્યેક કામ મુજબ અલગથી કરાર કરવાનો રહેશે જેમાં SBD માં દર્શાવેલ નિયમોનું પાલન કરાર તેમજ કામગીરી વખતે ઠેકેદારશ્રી એ કરવાનું રહેશે.(ફક્ત જાણકારી હેતુ SBDની નકલ સામેલ છે.)

(૨૪) ઉપરોકત તમામ શરતો ઇજારદારશ્રીઓને બંધનકર્તા રહેશે અને તેના નિર્ણય અંગે સક્ષમ અધિકારીનો અબાધિત અધિકાર રહેશે.

**કાર્યપાલક ઇજનેર**
**અમદાવાદ વિદ્યુત વિભાગ ૧**
**અમદાવાદ**

**નોંધ : ઉપરોકત તમામ શરતો અમોએ વંચાણે લીધેલ છે અને બધી શરતોનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે તેની બાહેંધરી આપીએ છીએ.**

**ઇજારદારની સહિ**